# સૂપર્બ સેન્ટેન્સ (વૈચારિક – ઊર્જા)

* કેદીને માટે સર્વશ્રેષ્ડ ઉપકાર એ વ્યક્તિનો છે જે વ્યક્તિ એને કેદમાંથી છોડાવે છે, આપણા પર સર્વશ્રેષ્ઠ ઉપકાર પરમાત્માના શાસનનો છે કે જે શાસન આપણને વાસનાના બંધનમાંથી છોડાવવા પૂરાતું સક્ષમ છે.
* પ્રેમ ધર્મની પ્રતિષ્ઠા કર્યા વગર ધર્મ પ્રેમ કદાપિ પ્રતિષ્ઠા પામતો નથી.
* આપવાનું મન થાય અથવા થયા કરે તેનું નામ પ્રેમ, અને માગવાનું મન થયા કરે અથવા તો લેવાનું મન થયા કરે તેનું નામ વાસના.
* જેને પોતાનુ દિલ એક મંદિર નથી લાગતું, તેનું દિલ કોઈ મંદિરમાં લાગતું નથી.
* અહંકાર તૂટવાનો ભય અને અપમાન થઈ જવાનો ભય, આ બે ભય આપણને પાપની કબૂલાત કરતાં અટકાવે છે.
* પ્રભુ પાસે પહોંચતાં આપણને અટકાવે એવાં કુલ પરિબળો સાત છે: ૧. ગરીબી. ૨. શ્રીમંતાઈ ૩. ધારદાર બુદ્ધિ ૪. સત્તા ૫. શ્રીમંતાઈ + ધારદાર બુદ્ધિ ૬. શ્રીમંતાઈ + ધારદારબુદ્ધિ + સત્તા ૭. શ્રીમંતાઈ + ધારદાર બુદ્ધિ + સત્તા + સન્માનનીભૂખ.
* પાપનો અભાવ એ ‘રામ’ની ભૂમિકા છે;<br>પાપનો પશ્ચાત્તાપ એ ‘રાવણ’ની ભૂમિકા છે;<br>પાપનો બચાવ એ ‘દૂર્યોધન’ની ભૂમિકા છે.
* પ્રમાદનું જીવન એ કાણાંવાળી બારી જેવું છે.<br>પાપનું જીવન એ ગ્રિલવાળી બારી જેવું છે.<br>વ્યસનનું જીવન એ તો ખુલ્લી બારી જેવું છે.
* પાપ જેને તાકાતવાન લાગે છે,<br>પાપ જેને હૃદયથી ગમે છે અને<br>પાપને જેણે જીવનમાં સ્થાન આપ્યું છે, આ આત્મા પાપથી મુક્ત થઈ શકે એવી કોઈ જ શક્યતા નથી.
* ભૂખ્યા માણસને થોડું ધન આપવાથી તમે તેને એક દિવસનો ખોરાક આપી શકશો, પણ જો તેને ધન કમાતા શીખવાડશો તો આખી જિંદગીનો ખોરાક આપી શકશો. **(ચીન)**
* ગરીબી દરવાજે આવે છે ત્યારે પ્રેમ બારીમાંથી ભાગી જાય છે. **(ઈંગ્લેન્ડ)**
* જે રસ્તો સૌથી વધુ ઘસાયેલો હશે. એ સૌથી વધુ સલામત હશે. **(ચેકોસ્લોવાકિયા)**
* જ્યારે પૈસો બોલે છે ત્યારે સત્ય ચૂપ થઈ જાય છે. **(રશિયા)**
* ધીરજ આનંદની ચાવી છે અને ઉતાવળ શોકની ચાવી છે. **(આલ્બેનિયા)**
* જ્યારે તમે કોઈને ક્ષમા આપો છો, ત્યારે તમારી જાત મજબૂત કરો છો અને તેની જાતને નબળી બનાવો છો. **(અમેરિકા)**
* શુદ્ધ અંતરાત્મા કરતાં વધુ આરામદાયક ઓશીકું બીજું એક પણ નથી. **(ઈટાલી)**

* જે પોતાની જાતને સમાજની સફાળ માટે સાવરણી બનાવે, તેણે ધૂળની ફરિયાદ ન કરવી જોઈએ. **(જર્મની)**
* સંપત્તિ સુખો આપે છે. તેથી વધુ એ વસૂલ કરે છે. **(ચીન)**
* જે કશું જ ઈચ્છતો નથી એ સર્વાધિક શ્રીમંત છે, જે બધું જ ઈચ્છે છે એ સર્વધિક ગરીબ છે. **(ગ્રીસ)**
* કીડી પણ છ ફૂટ ઊંચી હોઈ શકે છે, જો તેના ખુદના માપદંડથી માપો તો. **(સાર્બિયા)**
* તમે ઉદાસીના પંખીને તમારા માથે ચકરાવો લેતાં રોકી શકતા નથી, પણ તેને તમારા મસ્તક પર માળો બાંધતા જરૂર રોકી શકો છો. **(ચીન)**
* જે ગુના જાહેરમાં આચરવામાં આવે છે તેને હળવાશથી લેવાય છે. **(ઈટાલી)**
* સારી વસ્તુઓ શોધવી પડે છે અને ખરાબ વસ્તુઓ મળી જાય છે. **(એસ્ટોનિયા)**
* સજાથી કદાચ એક ખોટો માણસ સાચો નહિં બને, પણ સો સાચા માણસો ચોક્કસ ખોટા બનતા અટકશે **(અરબસ્તાન)**
* ગુસ્સાની એક ક્ષણ ઉપર જો તમે નિયંત્રણ રાખી શકો, તો પસ્તાવાના સો દિવસો બચાવી શકો. **(ઈટાલી)**
* મૌન માનવી હંમેશા સાંભળવા લાયક હોય છે. **(જાપાન)**
* સીડી ચડવા માટે તમારે નીચલું પગથિયું પહેલું ચડવું પડશે. **(જર્મની)**
* હૃદય પાસે એવું કોઈ રહસ્ય છુપાયેલું નથી, જે વર્તન દ્વારા પ્રગટ ન થતું હોય ! **(સ્પેન)**
* હજારો વર્ષોની પ્રતિષ્ઠા એક જ કલાકની ગેરવર્તણૂંક દ્વારા ધૂળધાણી થઈ શકે છે. **(જાપાન)**
* આંસુને પણ પોતાની ભાષા હોય છે, પરંતુ જે રડે છે તે જ તેને સમજી શકે છે. **(આર્મેનિયા)**
* તમારી ટોપલી એટલે ઊંચે ન ટાંગો કે, જ્યાં પહોંચવા તમારે કૂદકા લગાવવા પડે. **(બહામા)**
* તાજમાં એક વધુ હીરો ઉમેરાય એ કરતાં પેટમાં એક ટુકડો રોટી વધુ ઉમેરાય એ અગત્યનું છે. **(સ્વીડન)**
* જ્યારે પાપ ભૂલાઈ જાય ત્યારે ક્ષમા આપવી સહેલી છે. **(અરબસ્તાન)**
* ઘણાંને સખત પરિશ્રમનું ફળ મળતું નથી, કારણ કે એક કેરી માટે તેઓ આખો આંબો ઉગાડવાની મહેનત કરતા હોય છે. **(ડેનમાર્ક)**
* લીલું ઝાડ પાડવા મહેનત કરવી પડે છે. સૂકું ઝાડ આપમેળે જ પડે છે. **(પેરુ)**
* જ્યાં સુંધી હું પગ વિનાના એક વિકલાંગને નહોતો મળ્યો, ત્યાં સુધી હું મારી પાસે જૂતાં ન હોવા બદલ દુ:ખી હતો. **(ઈરાન)**
* તમારો શ્રેષ્ઠાતમ મિત્ર અને કનિષ્ડતમ શુત્ર તમારી જ જાતમાં છુપાવેલો છે. **(ઇંગ્લેન્ડ)**

* સલાહ આપવી સારી વાત છે, પણ એથી યે વધુ સારી વાત સહાય આપવી તે છે. **(તુર્કસ્તાન)**
* જો માણસના ઘેર કોઈ મહેમાન ન આવતા હોય, તો તેને પોતાના પર્યટનમાં કોઈ યજમાન પણ મળતા નથી. **(ફ્રાન્સ)**
* આત્મજ્ઞાન એ આત્મવિકાસનો પ્રારંભ છે. **(ફ્રાન્સ)**
* જાત પર મેળવેલો વિજય એ જગતનો સર્વશ્રેષ્ઠ વિજય છે. **(ગ્રીસ)**
* પ્રતિષ્ઠા એટલે નબળાઈઓને ઢાંકી દેવા વપરાતો નકાબ. **(ઈઝરાયેલ)**
* જેણે ઉઘાડા પગે જ ચાલવાનું છે, તેણે કાંટાઓ વાવવા ન જોઈએ. **(સ્કોટલેન્ડ)**
* કોઈના પતન પર ક્યારેય હસવું નહિ, જીવનના તમામ માર્ગો લપસણા હોય છે. **(રશિયા)**
* ખોટા સિક્કાને પણ બે બાજુઓ હોય છે. **(ચીન)**
* મોટામાં મોટી ભરતી પછી પણ ઓટ આવે જ છે. **(યુગોસ્લાવિયા)**
* ‘હા’ અને ‘ના’ એવા ટચુકડા શબ્દો છે, જે ધરખમ ચીજોનું સર્જન કરી શકે છે. **(જર્મની)**
* માણસ જે કરતા નથી ગભરાતો, એ કહેતા ગભરાય છે. **(નોર્વે)**
* જો કેડી પણ નજર સામે હોય, તો દૂરનો રાજમાર્થ મૂકી તેના પર દોડવાનું શરૂ કરી દો. **(હંગેરી)**
* જે મારી પ્રશંસા કરે છે એ મારા શુભેચ્છકો છે અને જે મારા દોષ બતાવી મને ટપારે છે, એ મારા શિક્ષકો છે. **(ચીન)**
* ‘જ્ઞાનનો ફેલાવો થઈ શકે છે, ડહાપણનો નહિ!’ **(પ્રાકૃત ભાષાની કહેવત)**